SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 32. ઉત્તર ગુજરાતના સંનિષ્ઠ સંપાદક: અમૃત પટેલ

પરમાર રોશની રમેશભાઈ

ઉત્તર ગુજરાતના વિસ્તારમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ અને અરવલ્લી જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ સમગ્ર જિલ્લાઓમાં લોકસાહિત્યના ક્ષેત્રમાં કામ કરનાર સંશોધકો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ છે. આ તમામ સંશોધકો પ્રતિભાશાળી છે. ઉત્તર ગુજરાતની મોંઘી જણસ સમી લોકસંસ્કૃતિ સાથે જેમનો નાતો નાભીનાળનો રહ્યો છે અને જેમને ઉત્તર ગુજરાતના મેઘાણી તરીકે ઓળખવામાં આવે છે એવા ડૉ. અમૃત પટેલનું નામ સમગ્ર ગુજરાતમાં જાણીતું છે.

ડૉ. અમૃત પટેલનો જન્મ 7 ડિસેમ્બર 1956માં મોસાળ સુણોકમાં થયો, તેમના પિતાનું નામ પરસોતમદાસ અને માતાનું નામ રઈબા હતું. તેમનું બાળપણ અમદાવાદના સરસપુરમાં વીત્યું હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ સરસપુરની મ્યુનિસિપલ શાળામાંથી મેળવ્યું હતું. અમૃત પટેલ નાના હતા ત્યારથી જ તેમને વાંચવાનો શોખ હતો. તેથી તેઓ બાળપુસ્તકાલયમાં જતાં અને બાળસામાયિકો વાંચતાં. તેમણે માધ્યમિક શિક્ષણ શેઠ અચરતલાલ હરિલાલ સરસ્વતી વિદ્યાલય માંથી મેળવ્યું હતું. આ વિદ્યાલયમાં જાત-જાતના સાંસ્કૃતિક કાર્યક્રમો થતા અને આ કાર્યક્રમો એ જ અમૃત પટેલના વ્યક્તિત્વને ઘડવામાં મહત્વનો ફાળો બજાવ્યો છે. અમૃત પટેલે બી.એ.નો અભ્યાસ ઊંઝા કૉલેજમાંથી અને એમ.એ.નો અભ્યાસ પાટણમાંથી કર્યો હતો. તેમની કૉલેજમાં 'નિષ્ઠા' નામનું સામાયિક ચાલતું હતું અને આ સામાયિકમાં તેમની કવિતાઓ અને લેખો પ્રગટ થતા જેના કારણે તેમને સાહિત્યસર્જન તરફ રસ કેળવાયો હતો. એમ.ફિલ.નો અભ્યાસ ગૂજરાત વિદ્યાપીઠમાંથી અને પીએચ.ડી. સાહિત્યકાર અને સંશોધક એવા વિદ્વાન કનુભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ 'સિદ્ધપુર તાલુકાના મુકતુપુર ગામનું ગેય લોકસાહિત્ય સંશોધન-સંપાદન અને અધ્યયન' વિષય ઉપર કર્યું હતું.

અમૃત પટેલના લગ્ન કાન્તાબેન સાથે થયા છે. તેમને પ્રાંજલિ, આકાંક્ષા નામે બે પુત્રીઓ અને હાર્દિક નામે એક પુત્ર છે. ડૉ. અમૃત પટેલ ઈ.સ. 1987માં આર્ટસ કોમર્સ કૉલેજ ખેરાલુમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા હતા. ત્યારબાદ તેઓ 1992માં આર્ટસ-કોમર્સ કૉલેજ ઊંઝા અને 1993માં મહિલા કૉલેજ વિજાપુરમાં અધ્યાપક તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ પલાસરની કૉલેજમાં તથા ડીસાની કોલેજમાં આચાર્ય તરીકે સેવાઓ આપી, હાલ તેઓ નિવૃતિ જીવન ગાળી રહ્યા છે. અમૃત પટેલે સાડા બાર વર્ષ સુધી અધ્યાપક તરીકે અધ્યયન કરાવ્યું અને સત્તર વર્ષ કૉલેજના આચાર્ય પદે રહ્યાનો બહોળો અનુભવ હોવાથી તેમણે લોકસાહિત્યના જુદા-જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો, પરિસંવાદો અને સેમિનાર કર્યા છે. ડૉ. અમૃત પટેલનું કાર્યક્ષેત્ર ઉત્તર ગુજરાતનું રહ્યું છે. ઉત્તર ગુજરાતના લોકગીતો, લોકકથાઓ, ઓઠાં, લોકમેળા, લોકઉત્સવો અને લોકજીવન વગેરેનો તેમણે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. તેમની પાસેથી અત્યાર સુધીમાં પંદરથી પણ વધુ ગ્રંથો પ્રાપ્ત થાય છે. તેમના કામને ગુજરાત સાહિત્ય અકાદમીએ ઘણીવાર સન્માન્યું છે. અમૃત પટેલ પાસેથી 'મું તો ઢોલે રમું', 'આપણાં ઓઠાં', 'સરસ્વતીને કાંઠે', 'ઝમરખ દીવડો', 'મેંદી લાલ ગુલાલ', 'કંકુ રે વાયું', 'ચંપાની કળીઓમાં કસ્તુરી', 'લોકગીત સ્વરૂપ-વિકાસ' વગેરે નોંધપાત્ર સંશોધનના પુસ્તકો મળે છે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત લોકાખ્યાન અને રાસડાનો સંગ્રહ 'મું તો ઢોલે રમું' ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનો ઉત્તમ દસ્તાવેજ બની રહ્યો છે. જેના પ્રથમ વિભાગમાં ઉત્તર ગુજરાતની કંઠસ્થપરંપરાના આઠ મહત્વના લોકાખ્યાનો આપ્યો છે. બીજા વિભાગમાં 109 રાસડાને મૂક્યા છે. જેમાં પૌરાણિક, અંધશ્રદ્ધાયુક્ત, પ્રણયવિષયક અને અન્ય વિષયના રાસડાઓ મુકવામાં આવ્યા છે.

ટૂચકો ટૂંકોમાં ટૂંકી લોકવાર્તા છે. સૌરાષ્ટ્રમાં તે 'ઓઠાં' નામે ઓળખાય છે. અમૃત પટેલે ગુજરાતની મૌખિક પરંપરામાં ઉતરી આવેલ ઓઠાંઓનો સંગ્રહ 'આપણા ઓઠાં' નામે આપ્યો છે. જેમાં 110 ઓઠાંઓને મૂકી આપ્યાં છે. જે જિનની ઉત્પતિ વિષયક, ડોસા વિષયક, ડોસી વિષયક, સાસુ-વહુ વિષયક, સ્ત્રી વિષયક, પુરુષ વિષયક, સમસ્યા વિષયક, પશુ વિષયક, પક્ષી વિષયક અને પ્રકીર્ણ ઓઠાંઓનો સંગ્રહ છે.

'સરસ્વતીને કાંઠે' અમૃત પટેલનું ઉત્તર ગુજરાતની લોકકથાઓનું સંપાદન છે. આ પુસ્તકમાં 14 જેટલી લોકકથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતી બહારવટિયાની, ટેકીલાપણાની, ન્યાયને ખાતર શહાદતની, વતનપ્રેમની, સાધુતાની, ગૌપ્રેમની, મોતને સાટે પણ રંખોપાની અને પ્રેતયોનિની એમ જાત-જાતના વિષયવસ્તુને આલેખતી લોકકથાઓનું આલેખન છે.

'ઝમરખ દીવડો' ઉત્તર ગુજરાતના લગ્નગીતોનું સંપાદન છે. જેમાં કડવા પાટીદારના બંદુકા વિવાહ અને ગોળપ્રથા વિવાહ વિશે ચર્ચા કરીને 151 લગ્નગીતો મૂકાયા છે. જેમાં ગણેશ સ્થાપનાનાં, લગ્ન લખવાનાં, લગ્ન વધાવવાનાં, માટી લેવા જવાનાં, ગ્રહશાંતિના, વરઘોડાનાં, જાન જતી વેળાના, મામેરાંનાં, હસ્તમેળાપનાં, મંગળફેરાનાં, કન્યાવિદાયનાં વગેરે ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'મેંદી લાલ ગુલાલ'માં ઉત્તર ગુજરાતના (મુકતુપુર) સિદ્ધપુર વિસ્તારમાં ગવાતા લોકગીતોને સંગ્રહસ્થ કરવામાં આવ્યાં છે. આ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા 1994ના શ્રેષ્ઠ પુસ્તક તરીકેનો એવોર્ડ મળેલો છે. આ ગ્રંથમાં 170 થી પણ વધુ લોકગીતો છે. જેમાં કથાગીત, બાળગીતો, ઉખાણાં, હાલરડાં, મરશિયા, ગરબા-ગરબી વગેરે પ્રકીર્ણ લોકગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'કંકુ રે વાયું' ઉત્તર ગુજરાતની લોકસંસ્કૃતિને ઉજાગર કરનાર લોકગીતનું શાસ્ત્રીય સંપાદન છે. જેમાં મુકતુપુર ગામમાંથી એકત્રિત કરેલા ગીતો સંપાદિત થયાં છે. અમૃત પટેલ પોતે મુકતુપુરના વતની હોવાથી આ બધું એમને સહજ સાધ્ય હતું છે. અહીં ત્રણ વિભાગમાં લોકગીતો મૂક્યાં છે. પ્રથમ વિભાગમાં સામાજિક કુટુંબચિત્રોવાળા ગીતો, બીજા વિભાગમાં ટોળટપ્પા વિષયક ગીતો, ત્રીજા વિભાગમાં પહેલી સમસ્યાનાં ગીતો આપ્યાં છે. આ પુસ્તકમાં 147 લોકગીતોને મુખ્ય ત્રણ ભાગમાં સંપાદિત કર્યાં છે.

'ચંપાની કળીઓમાં કસ્તુરી' લોકગીતના સ્વરૂપ અને પ્રકારનું અભ્યાસપૂર્ણ પ્રકાશન છે. કંઠસ્થ લોકગીતોનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં લોકગીતના સ્વરૂપ પ્રકારની ચર્ચા કરી કથાગીત અને ઋતુગીતની સ્વરૂપલક્ષી ચર્ચા કરી છે.

'આપણો ઉપેક્ષિત વારસો' પુસ્તકમાં લોકસાહિત્યનાં કેટલાંક સ્વરૂપોને સંપાદિત કરીને 192 ગીતો આપ્યાં છે. આ પુસ્તકને ચાર વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં બાળજોડકણાં, ફટાણાં, મરશિયાં, કણબીના મહિના, સલોકા અને રામગીતોનું સુંદર આલેખન કર્યું છે.

આમ, ડૉ. અમૃત પટેલના પ્રકાશિત પુસ્તકોમાંથી પસાર થતાં એક સાચા લોકસાહિત્યકારનો આપણને પરિચય થાય છે. એમના આવા ઊંડાણપૂર્વકના સંશોધનને કારણે તેઓ એક સાચા ઉમદા સંનિષ્ઠ સંશોધક બની રહે છે.

સંદર્ભ

1. લોકસંસ્કૃતિના સંશોધક અમૃત પટેલ વ્યક્તિત્વ અને લોકવાઙ્મય- સંપાદક- પરમ પાઠક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

2. લોકવાઙ્મયઃ સ્વરૂપ સંદર્ભ- ડૉ. રાજેશ મકવાણા, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ

3. ઉત્તર ગુજરાતનું લોક સાહિત્ય –સંપાદક-અમૃત પટેલ, સંહસંપાદક- સંગીતા પટેલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.